સૌરાષ્ટ્ર આસપાસ

# ગરીબી સામેની લડાઈમા ભારતની ભૂમિકા

વિશ્વ આજે એક વિસંગત સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. એક તરફ ગરીબી સામે છેલ્લા ત્રણ દાયકામાં ઇતિહાસમાં સૌથી ઝડપી પ્રગતિ થઈ છે, તો બીજી તરફ હવે આ ગતિ ધીમી પડતી હોવાના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. દુનિયાની ગરીબ અર્થવ્યવસ્થાઓ સ્થિરતા તરફ જઈ રહી છે, પરંતુ નવી ચિંતાઓ પણ ઊભી થઈ છે. આ સમગ્ર પરિપ્રેક્ષ્યમાં ભારત એક મહત્વપૂર્ણ અપવાદ તરીકે સામે આવે છે, જ્યાં ગરીબી સતત ઘટી રહી છે અને બીજા દેશોમાં તેમાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.વિશ્વ સ્તરે જોવામાં આવે તો ૨૦૨૨માં વિશ્વની અંદાજે ૧૦ ટકા વસ્તી આંતરરાષ્ટ્રીય ગરીબી રેખા નીચે જીવતી હતી. લગભગ ૮૪ કરોડ લોકો પ્રતિદિન ૩.૧૯૦ એટલે કે ૨.૧૫ ડોલરથી ઓછા ખર્ચે જીવન વિતાવી રહ્યા હતા. છતાં, આ આંકડો ભૂતકાળની તુલનામાં ઘણો સુધારેલો છે. છેલ્લા ૩૫ વર્ષમાં રોજે રોજ સરેરાશ ૧.૧૫ લાખ લોકો અત્યંત ગરીબીમાંથી બહાર આવ્યા છે. કુલ મળીને લગભગ ૨૩૦ કરોડ લોકો અત્યંત ગરીબીમાં હતા, જેમાંથી ૧૫૦ કરોડ લોકો હવે તે સ્થિતિમાંથી બહાર આવી ચૂક્યા છે. આ માનવ ઇતિહાસની એક મોટી સિદ્ધિ ગણાય.




પરંતુ આ સફળતાની સાથે ચેતવણી પણ જોડાયેલી છે. ૨૦૩૦ સુધીમાં શૂન્ય અત્યંત ગરીબીનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું, પરંતુ હાલના સંકેતો દર્શાવે છે કે તે લક્ષ્ય પૂરું થવામાં મુશ્કેલી પડી શકે છે. અનુમાન મુજબ ૨૦૩૦ સુધીમાં પણ લગભગ ૬૨ કરોડ લોકો અત્યંત ગરીબીમાં રહી શકે છે અને ત્યારબાદ આ સંખ્યા ફરી વધવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. વૈશ્વિક સ્તરે ગરીબી સામેની લડાઈ હવે સરળ નથી રહી.

આ વૈશ્વિક ચિંતાઓ વચ્ચે ભારતની સ્થિતિ આશાજનક છે. દેશમાં છેલ્લા દાયકાઓમાં ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ૨૦૧૧-૧૨માં ભારતનો અત્યંત ગરીબી દર ૧૬.૨ ટકા હતો, જે ૨૦૨૨-૨૩માં ઘટીને માત્ર ૨.૩ ટકા થયો છે. ગ્રામિણ વિસ્તારોમાં ગરીબી દર ૧૮.૪ ટકાથી ઘટીને ૨.૮ ટકા થયો છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તે ૧૦.૭ ટકાથી ઘટીને ૧.૧ ટકા થયો છે. એક દાયકામાં ૧૭ કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે, જે ભારત માટે એક ઐતિહાસિક સિદ્ધિ છે.ભારતમાં આ પરિવર્તન પાછળ અનેક કારણો જવાબદાર છે. છેલ્લા દોઢ દાયકામાં દેશની આર્થિક વૃદ્ધિ મોટા દેશોની તુલનામાં ઝડપી રહી છે. સેવા ક્ષેત્ર આજે જીડીપીમાં લગભગ ૫૫ ટકા હિસ્સો ધરાવે છે અને ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો આશરે ૨૭ ટકા છે. આ બંને ક્ષેત્રોએ રોજગાર સર્જન કરીને ગરીબીમાંથી નીચલા અને મધ્યમ વર્ગ તરફના પરિવર્તનને વેગ આપ્યો છે. ૨૦૨૬-૨૭ સુધીમાં ભારતની વૃદ્ધિ દર ૭ ટકા સુધી પહોંચવાની ધારણા છે, જ્યારે વૈશ્વિક સરેરાશ વૃદ્ધિ માત્ર ૨.૮ ટકા આસપાસ રહેવાની શક્યતા છે.

આર્થિક વૃદ્ધિની સાથે સાથે બહુપરિમાણીય ગરીબીમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. ગરીબી હવે માત્ર આવકનો મુદ્દો નથી, પરંતુ પોષણ, આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા, પીવાનું પાણી, વીજળી, ઇંધણ અને આવાસ જેવી મૂળભૂત સુવિધાઓની ઉપલબ્ધિ સાથે પણ જોડાયેલી છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના આંકડા દર્શાવે છે કે ૨૦૦૫-૦૬ની તુલનામાં ૨૦૧૯-૨૧ દરમિયાન પોષણ, માતૃ સ્વાસ્થ્ય, બાળ મૃત્યુ દર, શાળામાં હાજરી, સ્વચ્છતા અને વીજળીની ઉપલબ્ધિમાં મોટા સુધારા થયા છે. બેંક ખાતાઓની વ્યાપક ઉપલબ્ધિએ પણ ગરીબ વર્ગને મુખ્યધારા સાથે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.ગરીબી સામેની લડાઈમાં વિવિધ મોડલો વિશ્વમાં અજમાવાયા છે. કેરળ મોડલ તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. ૧૯૬૦ના દાયકાથી કેરળે શિક્ષણ અને આરોગ્યમાં સતત રોકાણ કર્યું. ગરીબીને ફક્ત રોજગારના અભાવ તરીકે નહીં, પરંતુ માનવ વિકાસની ખામી તરીકે જોવામાં આવી.

# જીવ પ્રાણીમાત્ર પ્રત્યે સંવેદના/અનુકંપા/દયા

**ભારતના બંધારણ પ્રમાણે નાગરિકની સાતમી ફરજ મુજબ, કુદરતી વાતાવરણ અને ચેતન-જીવંત વસ્તુ પ્રત્યે સંવેદના/ અનુકંપા/દયા અન્વયે એક પશુબલી અટકાવીને શિક્ષિત યુવાને ધર્માંધ લોકો દ્વારા થતી જીવહિંસા રોકી અને તેને બંધ કરવાની વ્યવસ્થા કરાવી.**


અલપ ઝલપ -ડૉ. મનહર ઠાકર

ગામથી દૂરના એ જંગલમાં ભાગ્યે જ નીકળવાનું થાય. જ્યારે જ્યારે એ બાજુ જવાનું થાય ત્યારે મીઠા તળાવની બાજુમાં આવેલી ગુફામાં ઘુવડનો અવાજ સાંભળવાનું કોઈ ચૂકે નહીં. ત્યાં અનેક નાની મોટી છીબરીઓ, કેટલીક નાનકડી તો કેટલીક મોટી, ભમરીઓ આવજા કરતી હોય છે. આજુબાજુ લીમડાનાં ઝાડ વચ્ચે નિરાંતે શીતળ છાંયામાં પોઢેલા જંગલી કૂતરાઓ ઊંઘતા જ હોય. આજે કોણ આ ગુફા પાસે આવ્યું છે, એટલું જોવા માટે તે કૂતરાં આંખો ઉઘાડીને બંધ કરી દેતાં હોય છે.

આ ગુફાને સૌ ભેંકાર ગુફા તરીકે ઓળખે છે. કેમ કે તેની આજુબાજુ ખામોશી, નિસ્તબ્ધતા ફેલાયેલી છે. અહીં કોઈ માણસ નહીં, કંઈ સુવિધા નહીં, કોઈ આશરો, વિસામો નહીં. સાવ ઉજ્જડ ને અવાવરું સ્થાન. તળાવને અડીને ઊભેલાં ડુંગરની ભેખડ પરની શિલાઓની પ્રાકૃત ગોઠવણીથી બનેલી આ ગુફા જૂના જમાનાનો જાણે કોઈ ગેબી અણસાર આપતી હતી. તેની આસપાસ ગોઠવાયેલા ખડકો પર કોઈ મોટાં પક્ષીઓની ચરકના સફેદ લીટા જાગંદર જોગીના કપાળે કરેલાં તિલક સમાં ઓપતાં હતાં.

અહીં પવનમાં શીતળતા હતી. વગડો વીંધવા નીકળેલો એક યુવાન એક પછી એક ખડકો પર નજર ફેરવી રહ્યો હતો. સામેના એક ખખડધજ લીમડાના છાંયડે એક કાળમીંઢ ખડક પર તે બેઠો. બાજુની એક શિલા પર બેસીને એક મોટું પક્ષી તેને તાકી રહ્યું. તે યુવાન સામે માલાજીનો કોલેજ સમયનો ચહેરો તરવરવા માંડયો. એ ઘણી વાર રસ્તામાં કોલેજ આવતાં મળી જતો, મને આગ્રહ કરીને સાઈકલ પર બેસાડતો. હું તેને કહેતો, લાવને હું સાઈકલ ખેંચી લઉં....એ તરતજ હસી પડતો : મને કમજોર ન સમજતો.. કુદરતે ઘણું કૌવત દીધું છે. દોસ્ત... બીજાને તકલીફ આપે તો માલાજી શાનો ? એ તંદુરસ્ત હતો. પણ...

આ ભયાનક પક્ષીને જોતાં જ યુવાનને માલાજી સાંભરી આવ્યો. એના જેવી આંખો અને તાકી તાકીને યુવાન સામે જોઈ રહેવાની આદત બન્નેની સરખી જ લાગી. એક અજાણ્યા મોટા પક્ષીની બીક લાગી એટલે યુવાન ત્યાંથી ઊભો થઈને જંગલમાં આગળ વધ્યો.

એક ઘટાટોપ વડલાની વડવાઈઓ જેમાં ઝબોળાતી એવા નદીના ભરચક વહેતાં પાણીના ધરા પાસે આવીને તે ઊભો રહ્યો. એના કાળા ડિબાંગ પાણી અને ઉપર ઘેઘૂર વડલાના અંધારિયા છાંયામાં ધોળા દિવસે પણ બીક લાગે એવી ભયાનકતા. એમાંયે વડલાના તોતિંગ થડ ફરતે વડવાઈઓના થર બાજી ગયેલા એવા કુદરતી રચનાવાળા અંધારિયા મંદિરમાં કોઈ દેવનું સ્થાનક છે. એવા ગભારામાં તેલ ભરેલા મોટા કોડિયામાં લાંબી જયોતે સળગતા દીવાના અજવાળે લાંબાં ને મોટાં ત્રિશૂળ દેખાયાં. જેના પર તેલ લગાવીને ચોપડેલા સિંદૂર વડે એ એવા તગતગે, તેની સામે નજર થઈ જાય તો બીક લાગતી. ત્યાં એકલા જવાની કોઈ હિમ્મત ન કરે એવું એ ભેંકાર સ્થાન. છતાં ગોવાળિયાઓ તો ભરબપોરે વડલાની છાંયામાં ઢોરઢાંખરને વિસામે બેસાડી, વડલાની વડવાઈએ લટકીને હિંચકા ખાતા ને એમ હિંચોળીને ધરામાં ધૂબકા દેતા તેને દેખાયા. યુવાને પૂછ્યું, ' આ શાનું સ્થાન છે ?'

' કાળિયા કવાની મેલડીનું '

' અહીં લોહી રેડાયેલું છે, તે શા માટે ? '

' જેણે મેલડીની માનતા રાખી હોય તે બહાર ગામથી આવીને અહીં બકરાનું માથું વાઢીને ભોગ ચડાવે એનું લોહી છે.'

' એ તો જીવહિંસા કરી કહેવાય.'

' એ વાત સાચી પણ અંધશ્રદ્ધા અને ધર્મનું અજ્ઞાન જેનામાં હોય એવા ધર્માંધ લોકો આવું કરે છે.'

' તમે બધા દરરોજ અહીં ઢોર ઢાંખર લઈને આવતાં હશો ને ? '

' હા, હો સવારથી સાંજ લગણ અમે અહીં જ ધામા નાખીએ હો. '

'તમે બધા ગોવાળિયાઓ ધારો તો આ સ્થાને જીવહિંસા અટકાવી શકો.'

એટલી વારમાં એક બકરો લઈને તેનો બલી ચડાવવા માટે ત્રણ જણા આવ્યા.

યુવાને અહીં બકરાનો વધ કરવાની તેને ના પાડી. જીવહિંસાના પાપ વિશેની સમજણ આપી પણ ત્રણ પૈકી એક ભુવો ધૂણ્યો ને બોલ્યો, ' મેલડી ભોગ માંગે છે.'

યુવાન મક્કમ રહ્યો. તેણે જીવહિંસા થતી ટકાવી રાખી. ગોવાળિયાઓ તેની સાથે જોડાયા. બકરાનો વધ કરવા ન દીધો. બે ગોવાળિયા નજીકના ગામમાંથી સરપંચ તથા આગેવાનોને બોલાવી લાવ્યા. બધી ચડાવવા આવેલા ધર્માંધ ત્રણ જણા સામે મોટું ટોળું એકઠું થઈ ગયું ને બકરાનો વધ થતો અટકાવ્યો.

સરપંચ અને ગ્રામજનોની સહીઓ લઈને યુવાને જિલ્લાના પોલીસ સુપ્રિટેન્ડેન્ટને અરજી લખી મોકલી કે આ સ્થળે દર રવિવારે અને મંગળવારે જીવહિંસા થતી હોવાથી પોલીસ મૂકવી.

પોલીસ સુપ્રિટેન્ડેન્ટે અરજી વાંચીને પૂરતો પ્રબંધ કરીને પોલીસ ગોઠવી દીધી. એક શિક્ષિત યુવાને આપણા રાષ્ટ્રીય બંધારણ અનુસાર જીવ પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા-સંવેદના-દયા રાખવી અને તેનું જતન કરવાની કલમ સાકાર કરવામાં સફળતા મેળવી.

# ધર્મની નિંદા ન કરો, ઉપેક્ષા પણ ન કરો, જ્યારે જિજ્ઞાસા જાગે ત્યારે તેનું ચરણ પકડો

કરંટ ટોપિક



સાધકે મનથી શું કરવાનું? મનથી અને બુદ્ધિથી ધર્મને સમજવાનો. જ્યારે ધર્મની જિજ્ઞાસા જાગે, ત્યારે ઋષિમુનિઓ ધર્મનું પાણી પાય. એમનેમ ન પકડાવી દે, તમે પકડી લ્યો. એવી ગતાનુગતિ ધર્મમાં ન ચાલે, બાપ! અને ગતાનુગતિ ધર્મે કેટલી વાર પ્રહારો સહન કર્યા છે. તૃષાતુરને પાણી આપો. ભૂખ લાગે ત્યારે ખૂબ જમાડો. પણ પેલો ના પાડે છે તો એને પરાણે જમવાનું ન કહો. બુદ્ધિથી ધર્મ સમજવાનો આ પહેલું સૂત્ર છે ‘માનસ’નું.

ભૂખ લાગે ત્યારે એને આપો. આપણે શું કરીએ છીએ કે નહિ, તને ખબર ન પડે તોયે તું પાળ અને પરિણામે યુવાન ધર્મથી દૂર થાતો જાય છે. એને છૂટ આપવી જોઈએ અને આ મૂળ મંત્રો છે. એને તમે પરાણે માળા ન આપો. ઘણા મારી પાસે પોતાના છોકરાઓને લઈને આવે, કહે કે બાપુ, તમે આના ગળામાં માળા નાખો ને. હું કહું કે હું કોઈને માળા આપતો જ નથી. હું કોઈના ગળામાં કંઠી નાખતો જ નથી, મારું હાલે તો એનો કંઠ જ પકડું છું. કંઠી તો તોડી નાખે. ઘણા છોકરાઓને પરાણે પગે લગાડે, પગે લાગ બાપુને, પછી રોવે-નહીં. તમે એનામાં ભૂખ જાગવા દો, તમે એનામાં જિજ્ઞાસા જાગવા દો. પછી તમારું એ બાળક જે ધાર્મિક થશે, એ ક્રાંતિ કરશે. તમે ગતાનુગતિ પકડાવી દો, એનાથી એટલી ક્રાંતિ નહિ થાય.શ્રી હનુમાનજી મહારાજ રામને કિષ્કિંધધામાં મળવા માટે આવ્યા, પણ જ્યાં સુધી કંઈ દેખાયું નહિ, ત્યાં સુધી માથું નથી નમાવ્યું. દંડવત્ તો પછી જ કર્યા છે. એક વ્યક્તિ આવી, મહાપુરુષ છે, એટલે આદર આપી દીધો, મસ્તક ઝુકાવ્યું. પણ ચરણસ્પર્શ-ચરણ પકડાવો વિધિ, તો જ્યારે પૂરેપૂરું જાણી લીધું ત્યારે જ પકડ્યા. આ પાઠથી તમે પરિચિત છો. ધર્મ તત્ત્વ અતિ ગુહ્ય છે.

યુવાન ભાઈ-બહેનો, ભગવાન મહાવીર સ્વામીએ ખાસ કહ્યું છે, મને એનું વાક્ય બહુ ગમે. બુદ્ધ પણ એવું જ બોલ્યા છે. બુદ્ધનાં વાક્યો અતિ સુંદર છે.

મને દુનિયામાં લોકો બુદ્ધ કહે છે, આદર આપે છે, જ્યાં જાઉં ત્યાં હજારો લોકો મને ગ્રહે છે. નારો હિંદુસ્તાન અને એની સરહદની બહાર લાગી ગયો છે. તો પણ હે ભિક્ષુ,તું એમનેમ મને નહીં પકડીશ.મારા ગૌરવને જોઇને તું મારા પગ ન પકડીશ. મારા મહિમાને જોઈને, મારી વાતને તું એમનેમ ન સ્વીકારી લે. ગતાનુગતિ ન કર. મારી વાણીની તું બુદ્ધિથી પરીક્ષા કર અને તારા અંતઃકરણમાં ભૂખ જાગે અને મારી વાણી જો તને ખોરાકનું કામ કરતી હોય, ત્યારે તું એ વાણીને ગ્રહણ કર.

આપણે ત્યાં જે એમનેમ પકડાવી દેવાની વાત વચ્ચે આવી, એણે ઘણું નુકસાન કર્યું. એની બુદ્ધિ પ્રમાણે એને કરવા દો. એટલા માટે તો કૃષ્ણ ગીતામાં કહે છે કે મેં તો તને ઘણું કહ્યું, પણ તું તારી બુદ્ધિ પ્રમાણે કર. મેં તો તને ઘણું કહી દીધું, આખી ગીતા કહી, પણ તું તારી બુદ્ધિ પ્રમાણે નિર્ણય કર. તને પ્રજ્ઞા આપી છે,તું એનો ઉપયોગ કર. યુવાન ભાઈ-બહેનો માટે આ સૂત્ર જરૂરી છે. નિંદા ન કરો ધર્મની, ઉપેક્ષા પણ ન કરો ધર્મની, પણ ધર્મનું ચરણ ત્યારે જ પકડો, જ્યારે તમારામાં ભૂખ જાગે. પછી તમે જે પકડશો, એ વાત કંઈક જુદી જ હશે. એ સ્વરૂપ કંઈક જુદું જ હશે.મુંબઈમાં સચિવાલયમાં એક હાજરીપત્રક-કોઈના પ્રવચનમાં સાંભળેલું, બન્યું હશે કે નહિ એ ખબર નહિ, જોકે આજકાલ આવું બનતું જ હોય છે કે આ હાજરીપત્રકમાં મોડા પડવાનું કારણ જે કર્મચારી મોડો આવે તે લખે કે ટ્રાફિક જામ હોવાથી, ને પછી ટૂંકી સહી કરે. પછી બીજો કર્મચારી જે આવે એ કંઈ જુએ નહિ, સદર ‘કરે ને સહી કરે.’ એક દિવસ એક સત્સંગી માણસ મોડો પડ્યો, ખોટું બોલે નહિ. એટલે એણે સાચું કારણ લખ્યું કે મારી પત્નીને પ્રસૂતિ કાળ નજીક હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવા ગયો હતો તેથી મોડો પડ્યો, આમ કરીને સહી કરી. એના પછી જેટલા આવ્યા, એ બધાએ સદર કર્યું. મૂઢ-વ્યવહારમાં આવું થાય, ત્યાં સુધી વાંધો નહિ. ધર્મમાં ન થવું જોઈએ. ધર્મ તો બધાનું પોતાનું આગવું ફૂલ છે બાપ!

બધા દેવતાઓએ પોતપોતાની રીતે સ્વતંત્રતાથી ફૂલો પસંદ કર્યા છે. કોઈએ દૂર્વા, કોઈ આંકડો, કોઈ ગુલાબ, કોઈ કમળ તો કોઈ મોરપીંછ પસંદ કરે, ક્યાંય ગતાનુગતિ નહીં. સૌની પોતપોતાની નિજતા અને સ્વતંત્રતા હોય છે. ‘મારી વાતને પરીક્ષા કરીને હે ભિક્ષુ તું પસંદ કર’. ન તું ગૌરવાત...મારા ગૌરવને જોઈને આંધળી દોટ ન મૂકીશ. મારો તો લોકો જયજયકાર કરે છે તેથી મારી વાત એમને એમ માની લેવાની જરૂર નથી. તેમ મારે તમને પણ કહેવું છે કે રામાયણનાં સૂત્રોને તમે બરાબર પરીક્ષા કરી, કસોટી કરીને અને એ બરાબર છે એમ ન લાગે ત્યાં સુધી એમ ને એમ ન પકડશો. એને બરાબર પકડજો. મહાવીર સ્વામીએ પણ આવી જ ભાષામાં કહ્યું છે કે તમે મારું આંધળું અનુસરણ ન કરો. મને બરાબર જોજો. ભગવાન કૃષ્ણે તો આવી છૂટ આપી જ છે. જેટલા જેટલા મહાપુરુષો થયા તેમણે આ વાતને બળ આપ્યું છે. શ્રી હનુમાનજીના જીવનમાં મન અને બુદ્ધિ દ્વારા ધર્મનો સ્વીકાર છે. એમણે ધર્મ સ્વરૂપ રામનાં ચરણો બુદ્ધિપૂર્વક પકડ્યા છે. આપણી અંદરના ધર્મને જ્યારે ભૂખ લાગે ત્યારે બુદ્ધિપૂર્વક એના પગ પકડો, એમ ને એમ નહીં. તરસ લાગે ત્યારે પાણી આપો. મારાં ભાઈ-બહેનો,આ ઉપદેશ નથી. હું તમારી સાથે ચર્ચા કરું છું અને એ પણ બુદ્ધના શબ્દોમાં ફરી ફરીને કહેવા માગું છું કે પરીક્ષ્ય ભીક્ષવો...ધર્મને તમે તમારી રીતે સમજજો અને પછી ગ્રહણ કરજો. યોગ્ય લાગે તો તમારું છે.

# રાષ્ટ્રની આર્થિક પ્રગતિનો માપદંડ એટલે જી.ડી.પી.

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

આજે દેશમાં જીડીપી શબ્દની વ્યાપક ચર્ચા થઈ રહી છે. સરકારથી લઈને સામાન્ય નાગરિક સુધી સૌ કોઈ જીડીપીના આંકડાઓ તરફ નજર રાખે છે, કારણ કે જીડીપી કોઈ પણ દેશની આર્થિક તાકાતનું પ્રતિબિંબ

**સરળ શબ્દોમાં કહીએ તો દેશ આખા વર્ષે કેટલું કામ કરે છે અને તેમાંથી કેટલું મૂલ્ય ઊભું કરે છે, તેનું નામ જી.ડી.પી.**

ગણાય છે. જીડીપી એટલે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ, એટલે કે એક વર્ષ દરમિયાન દેશમાં ઉત્પન્ન થતી તમામ વસ્તુઓ અને સેવાઓની કુલ કિંમત. ખેતી, ઉદ્યોગ, વેપાર, સેવા ક્ષેત્ર, રોજગાર—આ બધાનું સરવાળો એટલે જીડીપી. સરળ શબ્દોમાં કહીએ તો દેશ આખા વર્ષે કેટલું કામ કરે છે અને તેમાંથી કેટલું મૂલ્ય ઊભું કરે છે, તેનું નામ જીડીપી.

જે રીતે પરીક્ષાના પરિણામ પરથી વિદ્યાર્થીની મહેનત અને ક્ષમતા માપી શકાય છે, એ જ રીતે જીડીપી કોઈ દેશની આર્થિક કામગીરીનો અહેવાલ આપે છે. કયો ક્ષેત્ર આગળ વધી રહ્યો છે, ક્યાં ગતિ ધીમી છે અને ક્યાં સુધારાની જરૂર છે, તેની ઝાંખી જીડીપીના આંકડાઓથી મળે છે. એટલા માટે જ કેન્દ્ર સરકાર, તેની સાથે જોડાયેલી એજન્સીઓ અને ખાનગી સંસ્થાઓ સતત આંકડાઓ એકત્ર કરી જીડીપી જાહેર કરે છે. દુનિયાના દરેક દેશ પોતાનો જીડીપી કાઢે છે અને ભારત જેવા વિશાળ દેશમાં રાજ્યોનો પણ અલગથી જીડીપી ગણવામાં આવે છે.

આજે ભારત દુનિયાની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે, એ સમાચાર માત્ર આંકડાનો વિજય નથી પરંતુ દેશની કાર્યક્ષમતા અને સંભાવનાનો સંકેત છે. ભારતનો જીડીપી વધીને ૪.૧૮ ટ્રિલિયન ડોલર થયો છે. અમેરિકાનો જીડીપી લગભગ ૩૦.૬૧ ટ્રિલિયન ડોલર છે, ચીન ૧૯.૩૯ ટ્રિલિયન ડોલર સાથે બીજા ક્રમે છે, જર્મની ૫.૦૧ ટ્રિલિયન ડોલર સાથે ત્રીજા સ્થાને છે અને ભારત ચોથા ક્રમે પહોંચ્યું છે. આ સ્થાન દર્શાવે છે કે દેશમાં ઉત્પાદન વધી રહ્યું છે, ખરીદ-વેચાણ સક્રિય છે અને વૈશ્વિક મંચ પર ભારતનું આર્થિક મહત્વ વધતું જાય છે. સરકારનું અનુમાન છે કે ૨૦૩૦ સુધીમાં ભારત જર્મનીને પાછળ છોડીને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે.

જીડીપીની ચર્ચા સાથે બજેટનો સંબંધ ખૂબ જ નજીકનો છે. આગામી મહિને રજૂ થનારું બજેટ માત્ર આવક-ખર્ચનો હિસાબ નથી, પરંતુ આવનારા વર્ષની આર્થિક દિશા નક્કી કરતું દસ્તાવેજ છે. બજેટ તૈયાર કરતી વખતે સરકાર જીડીપીના આંકડાઓને આધાર બનાવે છે. કયા ક્ષેત્રે વધુ રોકાણ કરવું, ક્યાં પ્રોત્સાહન આપવું, ક્યાં ખર્ચ ઘટાડવો અને ક્યાં નવી યોજનાઓ લાવવી—આ બધાં નિર્ણયો જીડીપીની સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવાય છે. જો જીડીપીમાં વૃદ્ધિ મજબૂત હોય તો સરકાર વિકાસલક્ષી ખર્ચ વધારી શકે છે, અને જો ગતિ ધીમી હોય તો માંગ વધારવા માટે રાહતો જાહેર કરી શકે છે.

રાજ્યોના જીડીપી પર નજર કરીએ તો દેશની અંદરની આર્થિક વિવિધતા પણ સ્પષ્ટ થાય છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યો દેશના કુલ જીડીપીમાં મોટો ફાળો આપે છે. આ રાજ્યોમાં ઉદ્યોગ, સેવા ક્ષેત્ર અને ખેતીની સંયુક્ત શક્તિ દેખાય છે. રાજ્યોનો જીડીપી જાણવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વિકાસની નીતિઓ વધુ અસરકારક રીતે ઘડી શકાય છે.

હાલમાં જીડીપી વધવું એ સકારાત્મક સંકેત છે, પરંતુ સાથે કેટલીક ચેતવણી પણ છુપાયેલી છે. જીડીપી વધે એટલે આપમેળે દરેક નાગરિક સમૃદ્ધ બની જાય એવું નથી. આવકનું વિતરણ, રોજગારની ગુણવત્તા, મહેંગાઈ અને જીવન ખર્ચ જેવા મુદ્દાઓ પણ એટલા જ મહત્વના છે. તેથી બજેટમાંથી એવી નીતિઓ આવવી જરૂરી છે જે માત્ર




આંકડાઓમાં વૃદ્ધિ ન કરે, પરંતુ સામાન્ય માણસના જીવનમાં સુધારો લાવે.

આગામી બજેટથી લોકોની અપેક્ષા છે કે તે જીડીપીની મજબૂત સ્થિતિને આધાર બનાવી રોજગાર સર્જન, શિક્ષણ, આરોગ્ય, ખેતી અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે. જીડીપી દેશની તાકાત બતાવે છે, પરંતુ સાચી સફળતા ત્યારે ગણાય જ્યારે આ તાકાતનો લાભ દરેક નાગરિક સુધી પહોંચે. આ દિશામાં આવતું બજેટ કેટલું સંતુલિત અને દ્દષ્ટિવંત સાબિત થાય છે, તેની પર જ ભારતની આર્થિક યાત્રાનો આગળનો પડાવ નિર્ભર છે.